# ઘઉંના ઉભા મોલને લાગ્યું વરસાદી ગ્રહણ

## ઘઉંમાં ભેજને કારણે કાળી ડાઘી પડવાની ભીતિ : ખેતરોમાં બટાકાના ઢગલાઓમાં વરસાદને કારણે સડો પડવાની શકયતા : પવનના કારણે કેરીના પાકને પણ નુકશાન

ગાંધીનગર, તા.૧૪

આજે ફ્રી એકવાર ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં કમોસમી વરસાદ થતાં ઘઉંના ઉભા મોલને નુકશાન થવાની શકયતાઓ વધી જવા પામી છે. લગભગ તૈયાર થઇ જવા આવેલા ઘઉંના પાકમાં વરસાદ અને બરફના કરાના કારણે ગુણવત્તા નબળી રહેવા પામશે તેથી ખેડૂતોમાં ચિંતાનું મોજું પ્રસરી જવા પામ્યું છે.

છેલ્લા એક માસમાં લગભગ ચોથી વાર કમોસમી વરસાદ થતાં ખેતરોમાં તૈયાર થયેલા રવી પાકની સીઝનના ઘઉંના મોલને અસર થવા પામી છે. પવનના કારણે ઘણા બધા પાકનો સોથ વળી ગયો છે. વળી, છેલ્લા દોરમાં પાકા થઈ રહેલા ઘઉંના દાણામાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતા કાળી ડાઘી પડી જવાની ભીતિ સેવાઈ રહી છે. આ કારણે ઘઉંની ગુણવત્તાને ભારે અસર પડશે. આ માવઠાથી ખેડૂતોના હોઠ સુધી આવેલા પ્યાલામાં માખી પડી જવા જેવી હાલત જણાઈ રહી છે. ઘઉં સાથે બટાકાનો પાક પણ તૈયાર થઈ ગયો છે. હાલ ખેતરોમાં બટાકા કાઢવાનું કાર્ય જોશભેર ચાલી રહ્યું હતું. જેમાં વરસાદે વિક્ષેપ ઉભો કર્યો છે. ખેતરોમાં ખુલ્લામાં ખડકાયેલા બટાકાના ઢગમાં વરસાદ પડતા સડો ફેલાવાની શક્યતાઓ પેદા થવા પામી છે. ઉનાળાના પ્રારંભે વસંતૠતુમાં આંબા પર કેરીઓ બેસવાની શરૂઆત થઈ ગઈ હતી. પવન અને ગાજવીજ સાથે ચોમાસાની માફક કમોસમી વરસાદ પડતાં કેરીના પાકને પણ ગંભીર અસરો પડવાની ભીતિ સેવાઈ રહી છે. પવનના કારણે કાચી લુમે લટકતી કેરીઓ ખરી પડવાની અને મોડા આવેલો મોર પણ ખરી પડવાની મુશ્કેલી સર્જાઈ છે.



## જિલ્લા-શહેર કોંગ્રેસ દ્વારા લોકડાયરાનું આયોજન

ગાંધીનગર જિલ્લા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સાંસ્કૃતિક લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૮ માર્ચ, બુધવાર રાત્રે ૮.૩૦ કલાકે ટાઉનહોલ ગાંધીનગરમાં લોકડાયરો યોજાશે. ત્યારે ડાયરામાં ગુજરાતના જાણીતા કલાકાર અને સાહિત્યકાર માયા આહિર, લોક ગાયક વિષ્ણુ નાયક, ગુજરાતી ફિલ્મ પાશ્વગાયિકા મૌલિકા દવે પોતાના કંઠના કામણ પાથરી રસ તરબોળ કરશે. લોકડાયરામાં જિલ્લા શહેરના સૌ કાર્યકરોને ડાયરામાં ઉપસ્થિત રહેવા શહેર અને જિલ્લા પ્રમુખે આમંત્રણ પાઠવ્યું છે.

# રાજયના ૫૫ હજાર પરીક્ષાખંડોમાં સી.સી. ટીવી અને ટેબલેટથી વોચ

## વર્ગખંડ નિરિક્ષકો પણ વધુ સક્રીય થયા : બોર્ડ ચેરમેન : બે દિવસમાં ગેરરીતના ૮૧ કેસ નોંધાયા : સે-૧૫ સ્થિત એલ.ડી.આર.પી. યુનિવર્સિટીમાં પરીક્ષા પ્રક્રીયાનું જીવંત નિરિક્ષણ

ગાંધીનગર, તા.૧૪

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા દરમિયાન રાજયની વિવિધ શાળાઓના ૫૫ હજાર જેટલા વર્ગખંડોમાં સી.સી.ટી.વી. કેમેરા તેમજ ટેબલેટની વ્યવસ્થા કરવામાં આવી છે. શિક્ષણબોર્ડના ચેરમેને જણાવ્યું હતું કે પરીક્ષાના પ્રારંભિક તબક્કામાં ગેરરીતીના ૮૧ કેસો ધ્યાને આવ્યા છે. ગત વર્ષ દરમિયાન પણ સી.સી.ટીવી કેમેરાની વોચના આધારે ૭૪૪ વિદ્યાર્થીઓ અને ૩૯૨ શિક્ષકો સામે પગલા લેવાયા હતા. આ વ્યવસ્થાના લીધે અગાઉ નિષ્ક્રીય રહેતા વર્ગખંડ નિરિક્ષકો પણ સક્રીય થયા છે. સી.સી.ટી.વી. કેમેરા, ટેબલેટનું જીવંત નિરિક્ષણ માટે સે-૧૫ સ્થિત એલ.ડી.આર.પી. યુનિવર્સિટી ખાતે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે ૪૦ ટીમો કાર્યરત છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન આર.આર.વરસાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે ધો-૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ તેમજ સેમેસ્ટર પરીક્ષા માટે રાજયના કુલ ૧૮,૮૧,૯૫૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ૧૫૮૮ જેટલા કેન્દ્રો અને ૪૯૨૭ બિલ્ડીંગમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા માટે ૫૯,૧૫૯ બ્લોક ઉપયોગમાં લેવાયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વિજ્ઞાન પ્રવાહના ૬૫૭૩ વર્ગખંડો સામાન્ય પ્રવાહના ૧૭૬૨૪ તેમજ એચ.એસ.સી.ના ૩૫૨૫૦ વર્ગખંડો પૈકી ૯૦ ટકા સી.સી. ટીવી કેમેરા તેમજ ટેબલેટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. સમગ્ર પરીક્ષા વ્યવસ્થા અન્વયે કુલ ૫૯૧૫૯ પરીક્ષા ખંડો પૈકી ૫૫,૦૦૦ જેટલા વર્ગખંડોને સી.સી.ટીવી તેમજ ટેબલેટ હેઠળ આવરી લેવાયા છે. ગાંધીનગર સ્થિત એલ.ડી.આર.પી. યુનિવર્સિટીમાં સી.સી. કેમેરા અને ટેબલેટનું જીવંત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન કોઈ પણ ઉમેદવારની હીલચાલ શંકાસ્પદ જણાય કે પરીક્ષાલક્ષી ગેરરીતી થતી હોય તો ટેલીફોન દ્વારા ગેરરીતી અટકાવવા સૂચના આપી દેવાય છે. બે દિવસની પરીક્ષા દરમિયાન ગેરરીતીના ૮૧ કેસ નોંધાયા છે. આ પૈકી ૬ કેસ ટેબલેટ નિરિક્ષણના લીધે પ્રકાશમાં આવ્યા છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ ફૂટેજના આધારે ગેરરીતીના કિસ્સા આચરનાર સામે શિક્ષાત્મક પગલા લેવાશે.



# નવા કેન્દ્ર લવારપુરમાં પારદર્શક માહોલમાં બોર્ડની પરીક્ષાનો શુભારંભ

## કુલ પાંચ ગામની શાળાઓના ૪૪૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા : કુમકુમ તિલક સાથે ગુલાબનું ફુલ આપી મોં મીઠું કરાયું : સ્વાઈન ફલુના પગલે કેન્દ્ર પર હેલ્થ ડેસ્કની વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા પાસે લવારપુર ગામે ધો-૧૨ની બોર્ડની પરીક્ષાનું કેન્દ્ર આપવામાં આવતા આસપાસના પાંચ ગામની શાળાઓના વિદ્યાર્થીઓને રાહત મળી છે. આ કેન્દ્ર પર ૨૪ વર્ગ ખંડોમાં કુલ ૪૪૧ વિદ્યાર્થીઓએ આજે વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર આપ્યું હતું.





લવારપુર ગામની સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મારક હાઈસ્કુલને આ વર્ષે ધો-૧૦ની બોર્ડનું પરીક્ષા કેન્દ્ર ફાળવાતા લવારપુર ઉપરાંત પ્રાંતિયા, મેદરા, આલમપુર, શાહપુર એમ પાંચ ગામની શાળાઓના વિદ્યાર્થીઓ અહીં પરીક્ષા આપી રહ્યા છે. આજે સવારે શાળાના પટાંગણમાં પ્રકાશ કેળવણી મંડળના પ્રમુખ રણછોડભાઈ પટેલ, મંત્રી ગુણવંતભાઈ પટેલ તેમજ રમણભાઈ પટેલ સહિતના હોદ્દેદારોએ પરીક્ષાર્થીઓનું મોં મીઠું કરાવી કુમકુમ તિલક સાથે ગુલાબનું ફુલ આપી શુભેચ્છા સહ સ્વાગત કર્યું હતું. પરીક્ષાર્થીઓએ સમગ્ર પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી કેમેરાના સર્વેલન્સ હેઠળ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. સીસીટીવી કેમેરાના કારણે પરીક્ષાર્થીઓ શિસ્તબધ્ધ રીતે ચોરીના દૂષણથી યુકત રહીને જાત મહેનતના આધારે પરીક્ષા આપી રહ્યા છે.

આ પરીક્ષા કેન્દ્ર પર હાલમાં ચાલી રહેલા ઘાતક સ્વાઈન ફલુના વાવરના પગલે પ્રાથમિક સારવાર અને માસ્ક સાથે હેલ્થ ડેસ્કની વ્યવસ્થા કરવામાં આવી છે. શાંત અને શિસ્તબદ્ધ માહોલમાં પારદર્શિતા સાથે શિક્ષણની ગુણવત્તા સુધારણા કંઈક અંશે સફળ નીવડશે તેવી તાસીર આ પરીક્ષા કેન્દ્ર પર જણાઈ રહી છે.

## જ-માર્ગ પરથી બાઈક ચોરી જનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

સંસ્કૃતિ કુંજની ઉજવણી ચાલી રહી હતી તે દરમિયાન માર્ચે જાખોરા ગામના ગફુરભાઈ ભગવાનભાઈ દેસાઈનું બાઈક ચોરી થઈ ગયું હતું. ગાંધીનગર એલસીબીની ટીમે બાતમીને આધારે બાઈક ચોરી જનાર શખ્સને ઝડપી પાડયો છે. હાલ બોરીજ ગામમાં રહેતો અને મુળ જાખોરા ગામનો જ વતની મનોજ રમણ પરમાર ચોરીના બાઈક સાથે ઝડપઈ ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરી સે-૭ પોલીસને સોંપી દીધો છે. તેની ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

# લેકાવાડામાંથી દારૂની બોટલો સાથે એક શખ્સ ઝડપાયો

## ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો સાથે ગામનાં જ શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક સ્થિત લેકાવાડા ગામની સીમમાં ગ્રામ પંચાયત પાછળ વિદેશી દારૂ સાથે એક શખ્સ જતો હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે દરોડો પાડી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો સાથે તેને ઝડપી પાડયો હતો.પોલીસે પ્રોહીબીશન એકટ હેઠળ તેની ધરપકડ કરી દારૂની બોટલો કબ્જે લઈ વધુ પુછપરછ શરૂ કરી છે.

ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડને બાતમી મળતા તેમણે લેકાવાડા ગ્રામ પંચાયત પાછળ ટીમ મોકલી આપી હતી. ટીમને વિદેશી દારૂની બોટલો લઈને હેરાફેરી કરતો એક ગામનો જ શખ્સ વિક્રમ નાથુસિંહ વાઘેલા મળી આવ્યો હતો. તપાસ કરતાં તેની પાસેથી ૧૨ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. રૂ. ૪૮૦૦ના દારૂના મુદ્દામાલ સાથે પોલીસે વિક્રમની ધરપકડ કરી ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

# માણસાના અમરાપુર ગામની પાણી સમિતિ રાજયમાં તૃતીય સ્થાને

ગાંધીનગર, તા. ૧૩

વાસ્મો દ્વારા બેસ્ટ પાણી સમિતિ પુરસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજયના વિવિધ ગામોની પાણી સમિતિઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અમરાપુરા ગામની પાણી સમિતિને રાજય કક્ષાએ તૃતીય સ્થાન -ાપ્ત થયું છે. જયારે -થમ સ્થાને ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના નાનાપાડા ગામની પાણી સમિતિ અને સુબિર તાલુકાના લાહનઝાદર ગામની પાણી સમિતિ રહી છે.

વાસ્મો દ્વારા રાજયના વિવિધ ગામોમાં કાર્યરત પાણી સમિતિઓ વચ્ચે સ્પર્ધા યોજીને વિજેતા થયેલ પાણી સમિતીને રોકડ ઈનામ આપવામાં આવે છે. જેના કારણે રાજયના તમામ ગામની પાણી સમિતિઓમાં દર વર્ષે આ ઈનામ જીતવાની હરિફાઇ લાગે છે. આ બેસ્ટ પાણી સમિતિ પુરસ્કાર પહેલા ઝોન કક્ષાએ યોજાય છે. ત્યારબાદ તેમાં વિજેતા થયેલ સમિતિઓ વચ્ચે જિલ્લા કક્ષાએ સ્પર્ધા યોજાય છે. તે પછી તમામ જિલ્લામાં -થમ સ્થાને આવેલી પાણી સમિતિઓની સ્પર્ધા રાજય કક્ષાએ યોજાય છે. વર્ષ ૨૦૧૩૧૪ની સ્પર્ધાનું તાજેતરમાં મૂલ્યાંકન કરીને તેનું પરિણામ -સિધ્ધ કરવામાં આવ્યું છે. જેમાં -થમ સ્થાને ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાની નાનાપાડા ગામની અને સુબિર તાલુકાની લાહનઝાદર ગામની પાણી સમિતિ રહી છે. આ બન્ને સમિતિને વાસ્મો દ્વારા રૂપિયા ૬૦ ૬૦ હજારનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. તેમજ દ્વિતીય સ્થાને મોરબી જિલ્લાના ટંકાર તાલુકાના કોઠારીયા ગામની પાણી સમિતિ વિજેતા બની છે. જેને રૂપિયા ૪૫ હજારનું રોકડ ઈનામ આપવામાં આવ્યું છે. તૃતીય સ્થાને ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના અમરાપુરા (ખરણા) ગામની પાણી સમિતિ વિજેતા થઈ છે. આ સમિતિને રૂપિયા ૩૫ હજારનું ઈનામ એનાયત કરવામાં આવ્યું છે. તે ઉપરાંત ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના મુળ ઘરાઈ ગામની અને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના રસુલપુર ગામની પાણી સમિતિને ેનત્સાહન પેટે રૂપિયા ૨૦૨૦ હજારનું ઈનામ આપવામાં આવ્યું છે. તેમજ આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના માલતાજ ગામની, તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના વેકુર ગામની અને જામનગર જિલ્લાના જામ જોધપુર તાલુકાના સત્તાપર ગામની પાણી સમિતિને સન્માનપત્ર એનાયત કરી ેનત્સાહિત કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વિજેતા પાણી સમિતિ ઈનામની રકમનો ઉપયોગ ફક્ત જળ અને સ્વચ્છતા વ્યવસ્થાપનની જ કામગીરીમાં કરી શકે છે.

## ડૉ. ચંદ્રકાન્ત મહેતાને 'સાહિત્ય વાચસ્પતિ' એવોર્ડ અપાશે

ગુજરાતી હિન્દીના સાહિત્યકાર અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપિ ડૉ. ચંદ્રકાન્ત મહેતાને હિન્દી સાહિત્યનો સર્વોચ્ચ એવોર્ડ 'સાહિત્ય વાચસ્પતિ' એનાયત કરવામાં આવશે. ડૉ. મહેતાના હિન્દી ક્ષેત્રમાં યોગદાન આપવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવશે. હિન્દી સાહિત્ય સંમેલન પ્રયાગ અલ્હાબાદ દ્વારા ડૉ.મહેતાની પસંદગી કરવામાં આવી છે. ડૉ. મહેતાએ હિન્દીમાં ૨૦ અને ગુજરાતીમાં ૧૦૦થી વધુ પુસ્તકો લખ્યા છે. ડૉ. મહેતા શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા હોવાથી તેમને સંસ્કાર એવોર્ડ, સૌહાદ એવોર્ડ, ભારત ભૂષણ એવોર્ડ, ગુજરાત-હિન્દી અકાદમી ગૌરવ એવાર્ડ સહિત ૨૮ જેટલા એવોર્ડ મળ્યા છે.





## ત્રિ-દિવસીય રજતજયંતિ મહોત્સવ યોજાયો

મોખાસણ સ્થિત સ્વામિનારાયણ મંદિરનો ત્રિ-દિવસીય રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ત્રિદિવસ દરમિયાન પારાયણ, ભક્તિસંગીત, નગરયાત્રા, અન્નકુટ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. મોટી સંખ્યામાં અમેરિકા, આફ્રિકા, લંડન જેવા દેશોમાં રહેતા ભારતીય હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૬.૫૦

### તાપમાન

મહત્તમ : ૩૨.૪ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૫ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ :

હે... બ્રો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સિટીપલ્સ**

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્ક્રીન-૪ :

એન. એચ-૧૦ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

દમ લગાકે હેઈસા : ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૫ :

કેનવાસ (ગુજરાતી) : ૭.૦૦

### આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. પાઠક લુપરામભાઈ જામદગલી (ઉ.વ.૭૦) મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર લક્ષ્મમજી ગલાબજી (ઉ.વ.૭૦) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મનોહરસિંહ અજીતસિંહ વાઘેલા (ઉ.વ.૨૩) પ્લોટ નં. ૫૨૮, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. હસમુખભાઈ તુલસીભાઈ સોલંકી (ઉ.વ.૨૫) ઘર નં. ૪૭૮, ઈન્દિરાનગર, સે-૨૪, ગાંધીનગર
- પ્રજાપતિ ચંચળબેન નટવરલાલ (ઉ.વ.૭૫) ૨, શ્રીનાથ સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. નટવરલાલ હરગોવનદાસ મોદી (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૮૫૫/૨, સેકટર-૫સી, ગાંધીનગર